અપીલ અરજી નં.૪૪૮ તા.૨૨–૩–૧૦

અરજદારઃ– શ્રી રમણભાઈ ખોડાભાઈ મિસ્ત્રી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમણભાઈ ખોડાભાઈ મિસ્ત્રીની તા.૧૫–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.સ્કીમ નં.૩૧ ફા.પ્લોટ નં.૧૬૫, રે.સ. નં.૪૪, સબ પ્લોટ નં.ડી–૧, નવરંગ મહોલ્લો, અડાજણ સુરત વાળી આપને આપેલ પત્ર ૭–૧–૧૦ ના જવાબ પત્ર આઉટ નં.૬૮૯, તા.૬–૨–૧૦ ના સંદર્ભમાં માર્જીનમાં દશ વર્ષ જુનું ગેરકાયદેસર બાંધકામ હોય તો તે ગેરકાયદેસર ગણાય કે નહિં તે અને દશ વર્ષ મકાન જુનુ હોય તો તે કાયદેસર કઈ રીતે થઈ શકે તેની માહિતી આપશો અને તે દુર કરી શકાય કે નહિ?. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૮/૨૦૦૯–૧૦

શ્રી રમણભાઈ ખોડાભાઈ મિસ્ત્રીની તા.૧૫–૨–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.સ્કીમ નં.૩૧ ફા.પ્લોટ નં.૧૬૫, રે.સ. નં.૪૪, સબ પ્લોટ નં.ડી–૧, નવરંગ મહોલ્લો, અડાજણ સુરત વાળી આપને આપેલ પત્ર ૭–૧–૧૦ ના જવાબ પત્ર આઉટ નં.૬૮૯, તા.૬–૨–૧૦ ના સંદર્ભમાં માર્જીનમાં દશ વર્ષ જુનું ગેરકાયદેસર બાંધકામ હોય તો તે ગેરકાયદેસર ગણાય કે નહિં તે અને દશ વર્ષ મકાન જુનુ હોય તો તે કાયદેસર કઈ રીતે થઈ શકે તેની માહિતી આપશો અને તે દુર કરી શકાય કે નહિ?. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન./આરટીઆઈ/૭૯૭ તા.૧૫–૩–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૮ તા.૩૦–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૯ તા.૮–૪–૧૦ થી મુળ અરજીની નકલ, તથા અરજદારને વેસ્ટઝોન તરફથી આપેલ માહિતી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૯૭ તા.૧૫–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ થી માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧. ટી. પી. સ્કીમ નં.૩૧ ફા.પ્લોટ નં.૧૬૫, રે.સ. નં.૪૪, સબપ્લોટ નં.ડી–૧, નવરંગ મહોલ્લો, અડાજણ સુરત વાળી આપને આપેલ પત્ર ૭–૧–૧૦ ના જવાબ પત્ર આઉટ નં.૬૮૯, તા.૬–૨–૧૦ ના સંદર્ભમાં માર્જીનમાં દશ વર્ષ જુનું ગેરકાયદેસર બાંધકામ હોય તો તે ગેરકાયદેસર ગણાય કે નહિં તે અને દશ વર્ષ મકાન જુનુ હોય તો તે કાયદેસર કઈ રીતે થઈ શકે તેની માહિતી આપશો અને તે દુર કરી શકાય કે નહિ?. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની માહિતી ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી અંગેની સ્પષ્ટતા કોઈ રેકર્ડમાં દર્શાવેલ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨. આપના પત્ર આ.નં.૬૮૯ તા.૬–૨–૧૦ માં દર્શાવેલ ૫.૪૮ મી. × ૬.૭૫ મી. જે નવું બાંધકામ દર્શાવેલ છે તે મંજુર પ્લાનની મર્યાદામાં રહીને કરવામાં આવવા છતાં ગેરકાયદેસર છે. તો માર્જીનમાં દર્શાવેલ બાંધકામ દસ વર્ષ જુનું હોવાથી કાયદેસર કહેવાય કે ગેરકાયદેસરતે જણાવશો અને તે બાંધકામ દુર કરી શકાય કે નહીં? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કચેરીના ઉપલબ્ધ રકેર્ડની માહિતી જ આપવાની હોય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ જો આપના પત્રમાં ગેરકાયદેસર બાંધકામ જણાવેલ છે તો તે તમે કયારે દુર કરશો. કેવી રીતે કરશો તે સમય તથા તારીખ જણાવશો અથવા માર્જીનનું બાંધકામ દુર કરવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કચેરીના ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પત્ર નં.૭૯૭ તા.૧૫–૩–૧૦ થી મળેલા મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ સંતોષકારક ન મળવાથી તા.૨૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારે જવાબના અસંતોષ બાબતે આધાર રજૂ કરેલ નથી. અરજદારના મુદ્દા નં.૧ થી ૩ માં ટીપી સ્કીમ નં.૩૧ રે. નં.૪૪, ફા.પ્લોટ નં.૧૬૫, સબ પ્લોટ નં.ડી–૧, નવરંગપુરા મહોલ્લો, અડાજણ બાબતે આઈ ડી નં.૪૪૭ તા.૭–૧–૧૦ ની અરજી બાબતે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૮૯ તા.૬–૨–૧૦ થી સદર પ્લોટવાળી મિલ્કતમાં લેઆઉટ શહેર વિકાસ અધિકારી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૧ –૩–૭૨ થી મંજુર કરવામાં આવેલ છે. ઉપરોકત પ્લાન મંજુર મુજબ સબ પ્લોટ નં.ડી–૧ ની પાછળ ઉત્તરે ૪.૩૫ મી. × ૬.૧૦ મી. ઉત્તર પશ્ચિમ ખુણા પર માર્જીનની જગ્યામાં ૧.૮ મી. × ૬.૧૦ મી. તથા ૨.૭૪મી. ×૧.૪૯ મી. વિસ્તારમાં ગ્રા.ફલોર + પ્રથમ માળનું આશરે દસ વર્ષ પહેલાનું જુનું તેમજ સદર પ્લોટની દક્ષિણે ૫.૪૮ મી. × ૬.૭૫ મી. નું ગ્રા. ફલોર + પ્રથમ માળનું નવું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલું હોવાનું જણાવવામાં આવે છે. વધુમાં વેસ્ટઝોન/આરટીઆઈ/ ૩૦૨ તા.૬–૨–૦૯ ના પત્રથી સદર મિલ્કત બાબતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ પણ પ્ર કારની ઈમ્પેકટ ફી ભરાયેલ નથી સદર સોસા.ના મંજુર લે આઉટની નકલ રૂા.૨૫/– તથા રજાચિઠ્ઠીની નકલ રૂા.૨/– ભર્યેથીમળી શકશે તેવી માહિતી આપવામાં આવેલ છે. જે જોતાં અરજદારને મિલ્કતના મંજુર પ્લાન વિશેની

માહિતી ઈમ્પેકટ ફી ની માહિતી, રજાચિઠ્ઠીની માહિતી તથા ગેરકાયદેસર બાંધકામની વિગતો પૂરી પડાયેલ જણાય છે. પરંતુ અરજદારે પુછેલ "માર્જીનનું" બાંધકામ કરવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ હોય તો તે જણાવશો. તે અંગે કોઈ માહિતી આપેલ જણાતી નથી. વધુમાં અરજદારે ગેરકાયદેસર બાંધકામ જણાવેલ છે તો તે તમે કયારે દુર કરશો કેવી રીતે દુર કરશો સમય અને તારીખ જણાવશો વિગેરે બાબતેના પ્રશ્ન બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.અરજદારની બાંધકામ દુર કરવા બાબતેની રજૂઆત ફરીયાદને લગતી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ " માર્જીનના બાંધકામ દુર કરવા અંગે કાર્યવાહી બાબતે ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારે બાંધકામ દુર કરવા બાબતે ફરીયાદને લગતી હોય સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન,...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમણભાઈ ખોડાભાઈ મિસ્ત્રી